ब्राह्मणोडस्य मुखमासित्

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

રજી. નં. એ. ૩૩૫૨/અમદાવાદ

## અભિનંદન વિશેષાંક - ૨૦૧૯

શ્રી
મ
હા
લ
ક્ષ્મ્યૈ
નમઃ



શ્રી
મ
હા
લ
ક્ષ્મી
પ્રસન્નાડસ્તુ

મહાલક્ષ્મી તીર્થધામ, શહેરા

# આશીર્વચન



## શ્રી ગણેશદાસજી મહારાજ

**સંતરામ મંદિર - ઉમરેઠ**

**મા. પ્રમુખશ્રી**
**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**

આપ સમાજ માટે અભિનંદન વિશેષાંક બહાર પાડી રહ્યા છો, તે માટે ખૂબ ખૂબ અભિનંદન.

વિવિધ શૈક્ષિણક લાયકાત પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું આપ સનમાન કરી રહ્યા છો. તે બદલ મારા અંતરના શુભાશિષ.

કોઈ પણ સમાજ નાનો નથી હોતો અને તેમાંય શ્રીગૌડ સમાજ તો આ વિશ્વના દરેક સમાજનો પથ દર્શક રહ્યો છે. આપ સૌને મારા નુતન વર્ષાભિનંદન, જય મહારાજ

## સંતરામ મંદિર - ઉમરેઠ



ब्राह्मणोऽस्य मुखमासित्

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

રજી. નં. એ. ૩૩૫૨/અમદાવાદ

## અભિનંદન પુરસ્કાર

### મુખ્ય મહેમાન

શ્રી મિહિરભાઈ રાકેશકુમાર પંડ્યા

### સમારંભના પ્રમુખ

શ્રી કમલેશભાઈ એસ. પાઠક
પ્રમુખ, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

### સમારંભ સ્થળ

સમુત્કર્ષ, આનંદનગર ફ્લેટ્સ પાસે,
હેરીટેજ સ્કાઈઝની બાજુમાં, અમદાવાદ.

### સમારંભ સમય

તા. ૧૦મી નવેમ્બર, ૨૦૧૯
સાંજે ૪:૦૦ વાગે

### આમંત્રક

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત
કાર્યાલય : સી-૨૧૨, દેવ ઑરમ, મારુતી નંદન કાઠીયાવાડી હોટલ પાછળ,
આનંદ નગર રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૫ - સંપર્ક મો. : ૭૦૪૬૬૭૯૧૯૯

www.sssgujarat.org

# પ્રમુખશ્રીની કલમે...



- એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ અમદાવાદ થી સન ૧૯૮૩માં પ્રથમ વર્ગમા ઉત્તીર્ણ થઈ સિવિલ એન્જીનીયર ની ડિગ્રી પ્રાપ્ત કરી
- સ્પેશિયલ મેમ્બર ઓફ ધ ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ હાઉસિંગ અને એસ્ટેટ ડેવલપર્સ (GIHED)
- અમદાવાદ અર્બન ઓથોરિટીમાં રજીસ્ટર્ડ સિવિલ એન્જીનીયર
- સ્ટ્રકચરલ ડિઝાઈનર, ગ્રેડ વન ઈન અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (AUDA)
- લાઈફ મેમ્બર ઓફ ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસિયેશન
- ફેલો લાઈફ મેમ્બર ઓફ ગુજરાત ઈન્સિટ્યુટ ઓફ સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટ્સ (GICEA)

પરમ પૂજ્ય વડીલો, આદરણીય શ્રીબંધુઓ, બહેનો અને ઉત્સાહસભર યુવા સાથીઓ...

આપ સહુને મારા સાદર વંદન અને નમસ્કાર.

આપણા સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત દ્વારા આવનારી પેઢીના સર્વાંગી વિકાસ થકી રાષ્ટ્ર નિર્માણનુ કાર્ય કરતી સમુત્કર્ષ સંસ્થાના પવિત્ર પ્રાંગણમાં અભિનંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું સિંચન કરતી આ સંસ્થામાં સમાજના વાર્ષિક મેળાવડાનો કાર્યક્રમ યોજાય તે આપણા માટે ગૌરવની વાત છે.

આ શુભ પ્રસંગે આપણા મુખ્ય મહેમાન શ્રી મિહિરભાઈ પંડ્યાની ઉપસ્થિતિ છે તે ખૂબ જ આનંદની વાત છે. વધુમાં પ.પૂ. શ્રી ગણેશદાસજી મહારાજ, સંતરામ મંદિર ઉમરેઠ ના આશીર્વચન મેળવવાનું સદ્‌ભાગ્ય આપણને પ્રાપ્ત થયું છે તે સોનામાં સુગંધ ભળી તેવુ હું અનુભવી રહ્યો છુ.

આપણા સમાજના અનેક શ્રીબંધુઓ અને ભગિનીઓએ સામાજમાં તેમ જ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ ક્ષેત્રોમાં પોતાના જ્ઞાન અને અનુભવો થકી નામના મેળવી છે. આજની પેઢી પોતાના ક્ષેત્રમાં સિદ્ધિ હાંસલ કરવા ખાસ દ્દષ્ટિકોણને કાર્યાન્વિત કરી મહેનતથી સફળતા મેળવે છે. આમ જ્ઞાનના વૈભવ અને આર્થિક સમૃદ્ધિના સમન્વયથી સમાજ વધુ ને વધુ સક્ષમ બન્યો છે. સમાજ માટે યોગદાન આપવાની ભાવના પ્રભળ બની છે. સદીઓથી જ્ઞાન પ્રસારનું કાર્ય કરનાર બ્રાહ્મણ હવે દક્ષિણા લેવા નહિ, પરંતુ આપવા તત્પર બન્યો છે. જે, સમાજની પ્રગતિમાં ગતિ પ્રદાન કરવાનું અમુલ્ય પરિવર્તન કહેવાય.

આપણા સમાજના દરેક પક્ષ ખૂબ સરાહનીય પ્રવૃતિઓ કરે છે. આ માટે આપણને સૌને ગૌરવ થવું જ જોઈએ. આખરે આપણે બધા શ્રીગૌડ છીએ. માટે હરીફાઈની વૃત્તિથી નહિ પરંતુ 'સાથી હાથ બઢાના' ના જોશ થકી આપણો સમાજ, આપણા શ્રીબંધુ ની લાગણીને સબળ બનાવી એકબીજા સાથે તાદાત્મ્ય સાધે તેની ખાસ જરૂર છે. આ માટે www.sssgujarat.org વેબસાઈટની શરૂઆત કરવામાં આવી છે. નાનકડા ગામથી લઈને વિદેશમાં વસતા દરેક શ્રીબંધુઓ એકબીજા સાથે જોડાય, એકબીજાની પ્રવૃત્તિઓથી વાકેફ થાય અને સમાજના સતકાર્યોમાં સહભાગી થવાની પ્રેરણા મળે એ હેતુથી તેમજ નવી પેઢીઓના આધુનિક અને સકારાત્મક વિચારોનો પણ સમાજને લાભ મળે તેવો નમ્ર આશય આ વેબસાઈટનો છે.

આપણે સૌ સમાજના શ્રીભવન ના નિર્માણમાં સાથ આપીશુ તો સમાજના તેમજ વ્યક્તિગત દરેક પ્રસંગો આ ભવનમાં જ યોજવાનું આપણા સૌનું સ્વપ્ન અવશ્ય સાકાર થશે.

સમાજના હોંશિયાર બાળકોનું વિશિષ્ટ ઘડતર થાય, તેઓ ખૂબ ભણે, આઈ.એ.એસ. - આઈ.પી.એસ. - ડોક્ટર - એન્જીનિયર બને અને ધંધા રોજગાર માં આગળ વધે તે માટે સમાજ તેમને બનતી બધી મદદ કરે તે પણ આપણા વિશિષ્ટ ઉદ્દેશો માં નો એક ઉદ્દેશ છે.

સામાજીક સુરક્ષા યોજના - સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતનું ધ્યેય અને ઉદ્દેશ ગુજરાત રાજ્યમાં અને દેશવિદેશમાં વસતા તમામ શ્રીગૌડ જ્ઞાતિ સમાજ એક કરવા તેમ જ પરસ્પર ભ્રાતૃભાવ અને મિત્રાચારી ઉત્પન્ન કરી એકબીજાના સુખ દુઃખમાં સહાય અને સહકારરૂપ બનવાનું છે. આ ધ્યેયની પૂર્તિ માટે સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા તેના સભ્યોને જીવનના વિકટ વળાંકો પર, બંધુત્વની ભાવના દ્વારા ગૌરવપૂર્ણ રીતે મદદરૂપ બનવા અને સામાજિક સુરક્ષા કવચ મળી રહે તે માટે સામાજીક સુરક્ષા યોજના બનાવવાનું વિચારી રહી છે. આ યોજનામાં કોઈ પણ સભ્ય મિત્રનું અવસાન થાય ત્યારે બાકીના સભ્યો બંધુત્વ ફાળા દ્વારા તેના પરિવારને સહાયક બને. શ્રીગૌડ જ્ઞાતિ બંધુઓને ગૌરવપૂર્ણ રીતે મદદરૂપ બની મુશ્કેલ સમયમાં પરિવારને સુરક્ષિત કરવા માટેની આ યોજના એક મજબુત આધાર બની રહેશે તેવો આ સામાજીક સુરક્ષા યોજના નો ઉદ્દેશ છે.

આ યોજના અંતર્ગત શ્રીગૌડ બંધુઓ ને નિકટ લાવવા તથા પ્રેમભાવ વધારવા સભ્યના અવસાન ના સમયે તેના પરિવારને આર્થિક મદદ આપવી. તેમજ સંસ્થાના સભ્યના હિતમાં સર્વાંગી વિકાસ માટે કાર્ય કરવાનો આશય છે. આ યોજનામાં સભ્યોમાં એવી ભાવના વિકસે અને લાગણી અનુભવે કે શ્રીગૌડ સમાજની વ્યક્તિ કે જેને ઓળખતો પણ નથી તેના મરણ બાદ તેના ઘેર તેના ભાગે આવતી રકમ પહોંચે અને તે પરિવાર પગભર બને. ઘણી વ્યક્તિ એવું વિચારે કે હું સક્ષમ છું, મારી પૂરતા પ્રમાણમાં ઈન્સ્યુરન્સ પોલીસી છે તો મારે શું કામ સભ્ય બનવું? પરંતુ સમાજ માં દરેક પરિવારની સ્થિતિ સરખી હોતી નથી. આથી સમાજની સક્ષમ વ્યક્તિઓએ નબળા પરિવારો દત્તક લઈને તેમને આ સુરક્ષા કવચનો લાભ મળે તેવા પ્રયત્ન કરવા જોઈએ. આ યોજના ના નિયમો, તેના વહીવટ ની પદ્ધતિ, વગેરે બાબતો કારોબારી સમિતિ માં મૂકી તેની મંજુરી લઈને શ્રીગૌડ જાગૃતિ તથા વેબસાઈટ પર મુકવામાં આવશે.

સમાજના દરેક કુટુંબ નું આત્મસન્માન ન ઘવાય તેવી રીતે તે સમાજમાં આગળ વધે તે પણ આપણો એક ઉદ્દેશ છે.

આ કાર્યક્રમમાં સહભાગી થનાર દરેક જ્ઞાતિજનો, પુરસ્કાર મેળવનાર, પોતાની કલા રજૂ કરનાર, જાહેરાત આપનાર, તેમજ શુભેચ્છાઓ પાઠવનાર દરેકનો હ્રદયપૂર્વક આભાર માનુ છુ.

વિશેષમાં જ્યારથી મને પ્રમુખપદની જવાબદારી સોંપવામાં આવી ત્યારથી અનેક શ્રીબંધુઓ અને ભગિનીઓ કે જેઓ કોઈ પદ ઉપર હોય કે ના હોય, પરંતુ પોતાના વ્યસ્ત સમયમાંથી સમય કાઢી સમાજના કાર્યોને પોતાની નૈતિક જવાબદારી સમજી સહયોગ આપતા રહે છે, તેમનો ખાસ આભાર માનું છુ.

॥ જય મહાલક્ષ્મી ॥

આપનો શુભચિંતક

**કમલેશ એસ. પાઠક**

પ્રમુખ, સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત

# અતિથિ વિશેષની કલમે.



સ્વ. સુધાબેન આર. પંડ્યા





શ્રી મિહિરભાઈ પંડ્યા

## શ્રીગૌડ રત્ન શ્રીયુત મિહિરભાઈ પંડ્યા

પંચમહાલ જિલ્લાનું બહુમુખી પ્રતિભા ધરાવતું જીવંત "શ્રી રત્ન" **શ્રી મિહિરભાઈ રાકેશ કુમાર પંડ્યા** વિશે લખવા બેસીએ તો શબ્દ ભંડોળ ઓછો પડે અને ગાગરમાં સાગર સમાવવા જેવી સ્થિતિ સર્જાય. માત્ર "શ્રી" માટે નહિ બલ્કે સમસ્ત બ્રહ્મસમાજને પોતાની અમી દ્રષ્ટિથી પ્રેરણા પિયુષ પ્રાપ્ત કરાવનાર **શ્રી મિહિરભાઈ** સાચા અર્થમાં પોતાના નામને સાર્થક કરી સ્વનામ ધન્ય બન્યા છે. આવા ઘોર કળિયુગમાં અમદાવાદ જેવા મહાનગરના પોશ વિસ્તાર આનંદનગર પ્રહ્લાદનગર માં આશરે ૪૦ થી ૪૫ લાખ જેવી રકમનું બિલ્ડીંગ આ જમાનામાં સમાજ માટે કોણ આપે ? આવુ શ્રી સમાજના કાર્યાલય માટે આ શ્રી રત્ને દેવઓરમ નું બીજા માળનું મકાન સમાજને આપી એક પોતિકો ભાવ બતાવ્યો છે.બ્રહ્મસમાજ માટે તો કાયમ કોઈને કોઈ રીતે અઢળક દાન ઉપયોગી વસ્તુઓ અને અનેક વિધ રીતે સહાય કરે જ છે. છતાં શ્રીગૌડ સમાજ એ તો મારું ઘર છે Home Ground એવો અહેસાસ બતાવી દરેક રીતે આપણને ઉપયોગી થાય છે.

આજે પણ પોતાની માતાની સ્મૃતિમાં દરેક "શ્રી" એ મારો બ્રહ્મ પરિવાર છે તેઓને ભોજન એ મારી માતા **સ્વ. સુધાબેન આર. પંડ્યા** ના પુણ્ય સ્મરણાર્થે બધાને કરાવીશ જ આવું સૌજન્ય સામેથી પુરુ પાડનાર આ ઉમદા સાલસ નવયુવાન અને "બ્રહ્મ" તેમજ "શ્રી" બંધુના ઐક્ય માટે અહર્નિશ સર્વતયા તત્પર રહેનાર આવા સાલસ દિલના સૌજન્યશીલ પ્રતિભાવંત શ્રી બંધુને કઈ રીતે નવાજવા એ અમારા માટે પ્રશ્ન છે. ગયા વર્ષે આવા જ સ્નેહ મિલન ના ગૌરવ પુરસ્કારના મેળાવડામાં તેમની શક્તિઓની અને અમીવંત સ્નેહ દ્રષ્ટિનો આપણને પરિચય થયો જ છે. છતાં આ વર્ષે પણ તેઓ તમામ ઉપસ્થિત શ્રીબંધુ ભગિનીઓને તેમના માતૃશ્રીના પુણ્યાત્મા માટે સૌજન્ય ભાવથી બ્રહ્મ ભોજન કરાવવા તત્પર થયા છે. આવા અને આનાથી વધારે સારા શ્રીકાર્યોમાં તેઓ સતત આપણા સમાજની પડખે છે અને રહેશે જ તેવી ખાતરી સાથે માઁ આદ્ય શક્તિ શ્રી મહાલક્ષ્મીજીના શ્રીચરણોમાં પ્રાર્થના કે આવા અમારા શ્રી રત્નનો રત્ન ભંડાર (ઝાયરા ડાયમંડ) વૈભવ પૂર્ણ રહી અને ભર્યો ભાદર્યો રહે અને સતત ગતિશીલ રહી તે જોમવંત બની સાહસ સિદ્ધિનાં શિખરો સર કરે તેવી અભ્યર્થના.




# best offer

**FLAT 25% DISCOUNT ON DIAMOND JEWELLERY**

**UPTO 40% DISCOUNT ON MAKING CHARGES OF GOD JEWELLERY**

ZAIRA DIAMOND
*Designer Diamond Jewellery*

Gold Bliss
*Definition of Designs*
*Designer Gold Jewellery*

OM World, Jodhpur Cross Road, Satellite, Ahmedabad.
Ph.09-4032 9113 M. : 88 66 44 65 55, 97 26 24 65 55, 90 99 44 65 55

**Y.M. SHUKLA**
Charity Commissioner
State of Gujarat

Outward No. :

Office of the charity Commissioner, Gujarat State
Bahumali Bhavan-2, 3rd Floor, Nr. Gurukul,
Drive-in Road, Ahmedabad-380052.
Ph. : (079) 27911738, Fax : 079-27911761
(M) 9978405637 (Office)
(M) 9825413120 (Personal)



To,
**The President,**
Samast Shreegaud Samaj Gujarat
(Reg. No. A/3352/Ahmedabad)

Dear Sir,
I am very happy to note that your trust is convening a cultural program on 10.11.2019 by the way of distribution of meritorious compliment, Wherein, I have been invited to remain present. I wish my all the wishes for successful program and convey my best wishes to the student for their bright career.
Due to my preoccupation, I am unable to attend the said program. My all the good wishes are with you. I take the note that there are so many Educational Institutes being run in Gujarat in a Figure of thousand. our state government has taken a decision to exempt such educational Institutions by making a P.T.A. fund as 100% exempted. This idea of the state Government to held the Educational Institutions in True spirit of educational Welfare of the society. I wish that your enforcement to help the society for best education to the students will be fulfilled. Again, I am very much thankful for remembering me.
thanking you Again.

Your Faithfully,
**(Y.M. Shukla)**
Charity Commissioner

# સંયોજકશ્રી નો સંદેશ





## ॥ શ્રી મહાલક્ષ્મી પ્રસન્નાડસ્તુ ॥


સુજ્ઞ જ્ઞાતિજનો,

નૂતન વર્ષના અભિનંદન અને શુભકામનાઓ. સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાના અને પ્રોત્સાહિત કરવા માટે યોજેલ કાર્યક્રમ 'અભિનંદન' માં આપ સૌનું સ્વાગત અને આ સૉવેનીયર રજુ કરતાં આનંદ અનુભવુ છુ. આપણા સમાજના સામાજીક કાર્યકમો જેવા કે પસંદગી સંમેલન, સમૂહ જનોઈ, વડીલ વંદના દ્વારા વડીલોનું સન્માન અને વિશિષ્ટ મહાનુભાવોના સન્માન જેવા વિવિધ કાર્યક્રમોની શૃંખલામાં આજનો કાર્યક્રમ વધુ એક મણકો છે. દરેક કાર્યક્રમોમાં જ્ઞાતિજનોની વધતી જતી ઉપસ્થિતિ સમાજના કાર્યકર્તાઓને વધુને વધુ ઉત્સાહિત કરે છે, તેમજ કાર્યક્રમોની ગુણવત્તા સુધારવા પણ પ્રેરે છે. આજના કાર્યક્રમમાં આપ નાના બાળકોની ટેલેન્ટ, સંગીત નું વૈવિધ્ય વિગેરે પણ માણશો. આ પ્રકારના કાર્યક્રમોમાં સમાજમાં વિવિધ પ્રકારની ટેલેન્ટ ધરાવતી વ્યક્તિઓને સુરુચી પૂર્ણ રીતે એમનું કૌશલ્ય રજુ કરવાનું પ્લેટફોર્મ પુરુ પાડવાનો એક આશય અને પ્રયત્ન પણ રહેલો છે. સમાજના પ્રમુખ **શ્રી કમલેશભાઈ પાઠક**નું માર્ગદર્શન, અન્ય ઉપપ્રમુખશ્રી મંત્રીશ્રીઓ તેમજ શ્રી પ્રદિપભાઈ પંડ્યા, શ્રી પ્રવિણભાઈ પુરોહિત અને શ્રી ધ્રુવભાઈ શુક્લ, શ્રીમતી મીનલબેન શુકલ, શ્રીમતી ભાવેશાબેન પંડ્યા અને શ્રીમતી આરતીબેન પાઠક જેવા પાયાના કાર્યકર્તાઓના સહકાર, આ કાર્યક્રમને પરિણામ આપનાર મજબુત પરિબળો રહ્યાં છે. આવનાર સમયમાં આપણો સમાજ વધુ ને વધુ ઉન્નતિની દિશામાં આગળ વધે અને દરેક જ્ઞાતિજન વિવિધ સફળતાઓને વરે એવી કુળદેવી શ્રી મહાલક્ષ્મી માઁ ને પ્રાર્થના.

**હરીન્દ્ર જે. પાઠક**
કન્વીનર, કાર્યક્રમ અભિનંદન
ઉપ પ્રમુખ, સમસ્ત શ્રીગોડ સમાજ, ગુજરાત

# મંત્રીશ્રી/ખજાનચીશ્રી નો સંદેશો







**જયંત જોષી**
**મંત્રી**

**યોગેશ શુકલ**
**મંત્રી.**

**પ્રવિણ પુરોહિત**
**ખજાનચી**

**સુજ્ઞ વડીલો, મુરબ્બીઓ, યુવા બંધુઓ અને બહેનો,**

"શ્રીગૌડ સૌ એક" ના સૂત્ર સાથે આ સંસ્થાની સ્થાપના તા. ૧૯ નવેમ્બર, ૧૯૬૧ માં થઈ હતી અને અમદાવાદના કાંકરિયા તળાવના કિનારે આવેલ ઉજાણીગૃહમાં પ્રથમ જ્ઞાતિ સંમેલન યોજાયું હતું. જેમાં શ્રીગૌડ સમાજના તમામ પક્ષોના અગ્રણી જ્ઞાતિજનો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમાજના કાર્ય ને વેગ આપવા અને સમાજનો સંદેશો ઘેર ઘેર પહોંચાડવા સમાજનું મુખપત્ર "શ્રીગૌડ જાગૃતિ" તા. ૧૫-૦૯-૧૯૬૨ થી શરૂ કરવામાં આવેલ છે. જેણે સમાજમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. શ્રીગૌડ સમાજની અમદાવાદમાં સ્થાપના થયા પછી તેનો પ્રચાર, સઘળા પક્ષોનું સંગઠન, સમાજ સુધારા વગેરે બાબતોમાં ઉન્નતિ કરવા માટે ગુજરાતમાં જુદી જુદી જગ્યાઓએ અધિવેશનો / સંમેલનો યોજવામાં આવ્યા. શરૂઆતમાં અને ત્યારબાદ પણ સમાજનું સંગઠન મજબૂત કરવા સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. સમાજ જે નાના પક્ષોમાં વહેંચાયેલો હતો તે એક કરવા સ્થાપનાની શરૂઆતથી જે ઉમળકો બતાવ્યો છે તે જાળવીને સમાજમાં એકતા લાવી સંઘ બળની ભાવના ઉભી કરવાનો સમય હવે પાકી ગયો છે. "સંઘ શક્તિ કલૌ યુગે" વર્તમાન સમયમાં સંગઠન એ જ શક્તિ બળ છે. તે અસરકારક પ્રભાવ પાડે છે. જેમ સભ્ય સંખ્યા વધારે હશે તેમ સંગઠન વધુ મજબૂત બનશે.

સમાજમાં સર્વે પરિવારોની સ્થિતિ સરખી હોતી નથી. સમાજમાં જેઓ નબળા છે/પાછળ છે તેઓને આગળ લાવવા, સન્માનપૂર્વક જીવન જીવી શકે તે માટે આપણું સંગઠન મજબૂત કરવું પડશે. તેઓની ઉન્નતિ માટે અનેક પ્રવૃત્તિઓ જેવી કે શિક્ષણ સહાય જેમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ ને આગળ/વિદેશ અભ્યાસ માટે લોન, સ્કોલરશીપ, આઈ.એ.એસ/આઈ.પી.એસ/જી.પી.એસ.સી ની પરીક્ષા માટેના કોચિંગ કલાસમાં ફી સહાય, તબીબી સારવાર સહાય, વિધવા સહાય, યુવાનો અને મહિલાઓ ના ઉત્કર્ષ અંગેની પ્રવૃત્તિઓ કરવી પડશે. આ પ્રવૃત્તિઓ કરવા મોટું ફંડ અને સક્રિય કાર્યકરો ની જરૂર પડશે.

આટલા વર્ષો પછી પણ આપણો સમાજ હજુ ત્યાં નો ત્યાંજ છે. હવે સમાજને એક કરવામાં અને વિકાસ કરવામાં નિષ્ફળ જઈશું તો ભાવિ પેઢી આપણને ક્યારેય માફ નહીં કરે. આથી નવા વર્ષમાં જે શ્રીબંધુઓ સભ્ય નથી તેઓ સભ્ય બને અને અન્ય શ્રીબંધુઓને સભ્ય બનવા પ્રોત્સાહિત કરી સંગઠન મજબુત કરવા, સમાજની વિવિધ પ્રવૃત્તિઓ માટે દિલથી દાન આપવા અપીલ કરવામાં આવે છે. આપણું સંગઠન સંપ સાથે વધુ મજબૂત બને તેવી કુળદેવી મહાલક્ષ્મી માતાજીને પ્રાર્થના.




॥ શ્રી મહાલક્ષ્મી પ્રસન્નોસ્તુ ॥

# સમસ્ત શ્રીગૌડ સમાજ
## ગુજરાત

## આયોજીત
## અભિનંદન કાર્યક્રમની સફળતા માટે

શુભેચ્છા સહ
**સ્વ. જટાશંકર અંબાલાલ ભટ્ટ**
**પરિવાર**

# પૂ. રાજયોગી નરેન્દ્રભાઈ બી. દવે (શાસ્ત્રીજી)



**મૂળ નામ** : નરેન્દ્રભાઈ બાપુલાલ દવે

**મોબાઈલ** : ૯૯૭૯૦૨૫૩૯૫

**પિતાજી** : શ્રી બાપુલાલ.- પ્રખર આયુર્વેદાચાર્ય નાડી પરીક્ષક

**મૂળ વતન** : વીરપુર

**સરનામુ** : ૭૭, યોગેશ્વર નગર સોસાયટી, શ્રદ્ધા બંગલો,
ભઠ્ઠા પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

૧૯૭૬માં માતાજીનો સાક્ષાત્કાર અને નિઃસ્વાર્થ માનવ સેવાનો આદેશ અને સેવાયજ્ઞ. સરકારી નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ, દેશ વિદેશમાં સેવા યજ્ઞ ચાલુ છે.
સમસ્ત શ્રીગૌડ સમાજના વ્હાલા આત્મીયજનો, સમસ્ત શ્રીગૌડ સમાજના સંગઠનને અભિનંદન આપતાં હું ગૌરવની લાગણી અનુભવું છું.

સમસ્ત સમાજને સંગઠિત કરી રચનાત્મક પ્રવૃત્તિમાં પ્રાણ પૂરીને ગતિશીલ કરવામાં પોતાનું યોગદાન આપી, ઉત્સાહથી પુનઃજીવિત કરનાર યુવા કાર્યકર્તાઓ અને અનુભવનું અમૃત સિંચનાર વડીલોના યોગદાનને હું બિરદાવું છું.

સમાજનું સંગઠન, સાથ, સહકાર, એકતા અતુટ રહે; વિકાસની ક્ષિતિજો વિસ્તરતી રહે; રચનાત્મક, સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરતું રહે.

યુવાન ભાઈ-બહેનો પોતાની કલા, શક્તિ, સમજ અને શિક્ષણનું સકારાત્મક યોગદાન આપી સમાજની પ્રવૃત્તિમાં ચાર ચાંદ લગાવી દે.

જન્મથી બ્રાહ્મણ કહેવાયેલા આપણે કર્મથી બ્રાહ્મત્ત્વના સંસ્કાર અને સંસ્કૃતિને દીપાવવાના છે. ગાયત્રી મહામંત્ર આપણો જન્મસિદ્ધ અધિકાર અને યજ્ઞોપવિત સંસ્કાર છે. તેને સદાય સ્મરણમાં રાખવું જરૂરી છે.
શુભેચ્છા સહ.

રાજયોગી નરેન્દ્રભાઈ શાસ્ત્રીજી (એન.બી.દવે.)




www.sssgujarat.org

# PHALANGE
INDUSTRIES PVT. LTD.

## ALL KIND OF HVAC SOLUTIONS

**PRASHANT PATHAK**
**+91 74900 28546, 99241 28546**
**prashant@phalangeindustries.com**

**We Deal In All type of Air-Conditioning Like.....**
**Split AC, Cassette AC, Ductable AC, VRF/VRV System, Ventilation Systems**
**HVLS Fan & Evaporative Cooling Unit**


SPLIT AC



CASSETTE AC



DUCTABLE AC


VRF / VRV AC


HVLS FAN
(12 FT. / 18 FT. / 20 FT. / 22 FT. / 24 FT.)


EVAPORATIVE COOLING UNIT


AIR HANDLING UNIT


CUSTOMIZE SOLUTION

**We also Undertake Repairing and Maintenance Contract of all Equipments.**
**Offices in Ahmedabad And Baroda With Well trained and Equipped technical staff.**

### PRESENT TRADE PARTNERS

Carrier Midea® DAIKIN ecoair LG HITACHI Inspire the Next

50, Gajanan Industrial Park, Old Ambica Tube Mill Compound, Near Vatva Railway Overbridge,
Vatva, Ahmedabad - 382445. PH. NO. :+91 079 29704567

# અતિથિ

## સમસ્ત શ્રીગૌડ સમાજને શુભેચ્છા

# ગૌરીબેન અશોકચંદ્ર જોષી



**વ્યવસાય :-**

**વકીલ અને નોટરી**

**મહીલા મોરચા પ્રમુખ - ભાજપા, પંચમહાલ જીલ્લા.**

**સમસ્ત બ્રહ્મસમાજ, મહિલા પાંખ પ્રમુખ,**

**ગોધરા નગરપાલીકા, ગોધરા.**



## "શુભેચ્છા"

આમ તો સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતનો પ્રારંભથી જ સભ્ય બન્યો હતો. પરંતુ ૧૯૮૦ની વાર્ષિક સામાન્ય સભામાં પહેલીવાર ઉપસ્થીત રહેલ. તે સમયે ચુંટણીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ. છોટાલાલ રેવાશંકર અને સ્વ. રણજીતરાય શાસ્ત્રી વચ્ચે સ્પર્ધા હતી. તે સમયે મેં એક પોઈન્ટ ઓફ ઓર્ડર એવો ઉભો કર્યો જેથી રણજીતરાયને બીન હરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા. તે પ્રમુખ બન્યા. તેમની પ્રથમ કારોબારીમાં મને મહામંત્રીની પદવી પ્રાપ્ત થઈ. સંસ્થાનું આર્થિક પાસુ નબળું હોવાથી જાગૃતિનું પ્રકાશન બંધ થઈ ગયુ હતું. તેને ફરીથી શરૂ કરવા પ્રથમ અંક મે જાહેરાતો લાવીને પ્રસિદ્ધ કર્યા. શ્રી જયંતભાઈ પાઠકે તંત્રી પદે રહીને સારો સાથ આપ્યો. સંસ્થા ભાખડિયે ચાલતી થઈ. સભ્યોની નોંધણી કરવા માંડી. જાગૃતિના પ્રકાશન સાથે જ્ઞાતિમાં પણ જાગૃતિ આવી. શ્રી રણજિતરાયની ધગશ અને અમારા સાથ સહકારથી કારોબારી ખંભાત મુકામે સમસ્ત શ્રીગોડ સમાજનું મહાસંમેલનનું સફળ આયોજન થયું. અન્ય રાજ્યોમાંથી પણ પ્રતિનિધિઓ પધાર્યા. પૂરા ત્રણ દિવસનું સંમેલન અનેક ઠરાવો થયા. તે પછી દર વર્ષે વાર્ષિક મેળાવડા, તેજસ્વી તારલા અને વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક, ઈનામ વિતરણ, સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, જીવન સાથી પસંદગી મેળાનું પણ આયોજન થયું. શ્રી રણજિતરાય શાસ્ત્રી પછી અનુજ અજિત શાસ્ત્રી પછી હરિપ્રસાદ જોષી પ્રમુખ સ્થાને આવ્યા. હું ત્યારે ઉપપ્રમુખ હતો. જોષીજી એ સમાજ ભવન બનાવવા અથાગ પુરુષાર્થ કર્યા. ફંડ ઉભુ કર્યું. ભવન માટે બે ફ્લેટ ખરીધા પરંતુ છેક કિનારે આવેલું નાવ ડૂબ્યું. સાથીઓના અસહકારને લીધે. મરહુમની મનની મનમાં રહી ગઈ.

હવે મૃતપ્રાય થયેલા સમાજનો પુનરોદ્ધાર થયો છે. ત્યારે નવા કાર્યકર્તાઓને એકજ સલાહ આપુ કે સંઘઃ શક્તિ કલૌ યુગેઃ સંપ, સાથ, સહકાર, સદભાવના સદાચરણથી જ ઉન્નતિ કરી સમાજની સાચી સેવા કરી શકાય છે. તમારા બધાના પુરુષાર્થને બિરદાવું છુ. ખુબ ધગશથી કામ કરતા રહેશો તો સમાજનું કલ્યાણ થશે.

नत्वहं कामयेत् राज्यं नस्वर्गं ना पुनर्भवम् ।
कामयेत् दुःख्र तप्तानां प्राणिनां आर्त नाशनम ॥
अस्तु

**વિજયકુમાર અંબાલાલ પુરોહિત**
ઉમર વર્ષ - ૯૧
(પૂર્વ મહામંત્રી, પૂર્વ ઉપપ્રમુખ)
મો. ૮૭૮૦૬૬૦૯૩૯




હરિ ૐ

**NAVIN DARJI** M. : 98240 32276
5, Taksh Complex, Vasna Road,
Vadodara-16. E-mail : navincdarji@yahoo.com

# Poshak
## DESIGN STUDIO

*Jigar Darji*
+91-9586933028
+91-9920834503





# POSHAK
## DESIGN STUDIO

# *Tanisha's*
# Q

***Shivani V. Kikani***
with appointment only
Cont. No. (M) 9898014105
(O) 0265-2355341


PERSONALIZED
Customized Designing Studio
Sarees | Blouse | Chania Choli | Kurtis | Bridal Wear

Studio : A/139, Rajlaxmi Complex, Opp. Sansakriti, Old Padra Road, Vadodara-15.
Ph : 0265-2355341, E-mail : shivani.kikani@yahoo.com



# પ્રિ.ડૉ. બંસીધર એન. ઉપાધ્યાય
M.A., L.L.B., PhD.

## પૂર્વ પ્રમુખશ્રીની હૃદયોર્મિઓ....



પૂર્વ પ્રમુખ : સમસ્તશ્રીગૌડ સમાજ, ગુજરાત

પૂર્વ કુલપતિ : લકુલીશ યોગ યુનિવર્સિટી

ડાયરેક્ટર : રીસર્ચ એકેડેમી યોગ યુનિ

પૂર્વ ચેરમેન : ગુ.યુનિ બોર્ડ ઓફ સ્ટડીઝ, સંસ્કૃત

સંક્રિય સેવા કાર્ય : પંચમુખી હનુમાન સેવા સમન્વય ટ્રસ્ટ, માલસર<br>પાર્વતી શંકર વાત્સલ્ય કુંજ અનાથાશ્રમ માલસર<br>સીતારામ પરિવાર, લુણાવાડા.

બ્રહ્મશ્રી રત્ન : વૃન્દાવન<br>રાજ્યપાલ મહામહિમ શ્રી નવલ કિશોર શર્માના<br>હસ્તે સંસ્કૃતના વિદ્વાન તરીકે સન્માન

આદરણીય વડીલો, મુરબ્બીઓ, મિત્રો, ભગિનીઓ અને વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

પુનઃ એકવાર આ પ્રસંગે આપને મળતા આનંદ અને ગૌરવની લાગણી સાથે અભિનંદન પુરસ્કાર સમારંભમાં પુરસ્કાર પ્રાપ્ત કરનાર ભાવિ તેજસ્વી તારલાઓને શુભાશિષ સાથે જય મહાલક્ષ્મી

સંઘે શક્તિ કલૌ યુગે અન્વયે ગયા વર્ષથી આપણા ઉજ્જવલ ભવિષ્ય એવા તેજસ્વી તારલાઓનું સન્માન કરી સૌ સાથે રહીએ અને વિરાટ પુરૂષના મુખ એવા આપણે બ્રહ્મ બંધુઓ શ્રીમિત્રો સમયની તવારીખને પામીને એક થઈ રહ્યા છે તેનો આનંદ છે. દરેક જ્ઞાતિના સંગઠનો હોય છે જ. તેમનું કાર્યાલય, તેમની વાડી બધુ અલાયદુ બની રહ્યું છે. તો આપણે કેમ પાછા પડીએ ?

આપણે ઘણાં વર્ષો પછી સક્રિય થયા છીએ, દરેકના હૃદયમાં શ્રી સૌ એક બને તેવી માનસિક તાલાવેલી જાગી છે. લોકો ફરિયાદ કરતાં થઈ રહ્યાં છે કે હજુ અમને જાગૃતિ મળ્યું નથી, આ ભૂખ બતાવે છે કે ભલે મોડુ મોડુ પણ આપણાં સમાજનું મુખપત્ર ઘરે ઘરે પહોંચી રહ્યું છે. આપણાં તંત્રી મંડળની આ એક ભગીરથ કાર્ય પદ્ધતિ છે કે ગમે તે રીતે જાગૃતિ બધાને મળે જ જો કે આ માટે આપણા પ્રમુખશ્રી કમલેશભાઈ પાઠક અને તેમના કારોબારી સભ્યોને અભિનંદન આપવા રહ્યા. તેઓ દૃઢ મનથી સમાજને ગતિ તરફ દોરી રહ્યા છે. પછી તે જાગૃતિનું હોય કે વેબસાઈટનું હોય કે ટ્રસ્ટી મંડળનું આ બધામાં પ્રમુખશ્રીની દીર્ઘદૃષ્ટિ, સમાજ માટે કંઈક કરી છુટવાની તાલાવેલી અને પોતે વ્યવસાયે એન્જીનીયર હોવાથી સમાજના ભવન માટે સતત ચિંતીત રહી તે દિશામાં ગતિશીલ રહ્યા છે. મને એ વાતનો આનંદ છે કે અમે જ્યારે પણ મળીએ છીએ ત્યારે તે કહેતા બંસીભાઈ તમેજ પ્રમુખ છો અને તમેજ આ બધુ સંભાળજો. એમના એ વચનોમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખી અનેક સામાજીક, માનસિક મર્યાદાઓને ધ્યાનમાં રાખી સતત તેમની સાથે રહ્યો છું અને સમાજ સાથે જ રહીશ.

સમાજના દૂર સુદૂર આંતરિયાળ વિસ્તારમાં આપણા એવા ઘણાં પરિવારો છે જેમના માટે ઘણું કરવા જેવું છે. અન્ય જ્ઞાતિઓની જેમ આપણે આપણાં સમાજને એક કરવો છે.આપણે સૌ મન મોકળા રાખી સાથે મળી શ્રીસમાજના ઉત્કર્ષમાં આગળ આવીએ. હજુ ઘણું કામ કરવાનું બાકી છે. આપણી સાથે યુવા પેઢીને જોડવી છે અને તેઓ આધુનિક સાધનોથી સજ્જ છે અને સમાજને તે માર્ગે લઈ જવા માંગે છે. ગુણાઃ પૂજા સ્થામ્ ગુણિ પુનમઃ લિંગમ ચ વયઃ ન એ ન્યાયે સ્ત્રી, પુરૂષ, બાળક એવી ભેદનીતી છોડી ગુણીજનોમાં રહેલાં ગુણો જ પૂજાને પાત્ર છે એ રીતે સૌ એક બની આપણા સમાજના ઉત્કર્ષમાં જોડાઈ જઈએ.

વડીલોના આશિષ તો હોય જ અને રહેશે જ. પણ હવે યુવાન ભાઈ બહેનો એ આગળ આવવું પડશે. સમય, શક્તિ, તન, મન, ધન બધુંજ સમર્પણ કરી અભિનંદન કાર્યક્રમમાં હાજર રહી સૌ ગૌરવવંતા બનીએ તેવી આધ શક્તિ કુળદેવી મહાલક્ષ્મીજીના શ્રી ચરણોમાં પ્રાર્થના સાથે જય ભગવાન.

આપણા ધ્યેય, મનન, આશયો હૃદય એક થઈ એક બીજાને સમજી સાથે રહી ઉત્કૃષ્ટતા ને પામીએ...અસ્તુ


ઇ-૧૦/૨, આયોજન નગર, શ્રેયસ ક્રોસિંગ પાસે,<br>પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭<br>મો. ૯૮૨૪૪૦૬૩૮૧, રહે. : ૦૭૯-૨૬૬૪૧૦૨૮

આપનો<br>બંસીધર ઉપાધ્યાયના નૂતન વર્ષાભિનંદન<br>પૂર્વ પ્રમુખ સમસ્તશ્રીગૌડ સમાજ, ગુજરાત, અમદાવાદ.



॥ શ્રી મહાલક્ષ્મી પ્રસન્નોસ્તુ ॥

# સમસ્ત શ્રીગૌડ સમાજ
## ગુજરાત

### આયોજીત
### અભિનંદન કાર્યક્રમની સફળતા માટે

**શુભેચ્છા સહ**

**શ્રી હિતેષભાઈ જટાશંકર ભટ્ટ**

**પરિવાર**

(સ્થાપના: ૧ ૧૦ ૨૦૧૪)

# Aao Deep Jalaye

A Social Initiative to spread Happiness and Smiles Vadodara

## ખુશીઓ ફેલાવવા નો પ્રયાસ કરતુ એક સામાજિક અભિયાન



### અમારી પ્રવૃતિઓ:

- સમાજ થી વિખૂટા પડેલા પરિવારોમાં સંગીતના માધ્યમથી ખુશીઓ ફેલાવવી.
- જરુરીયાતમંદ પરિવારોને જીવન જરૂરિયાતની વસ્તુઓ, અન્ય સુખી પરિવારોની મદદથી, પૂરી પાડવી.
- અસ્વચ્છ અને ઉણપભર્યું જીવન જીવતા પરિવારોને, સ્વચ્છતા,આરોગ્ય માટે સહાય કરવી.
- અસહાય પરિવારોના બાળકોને પોષણ અને શિક્ષણ સહાય કરવી .
- આપ સૌ ની સહાયથી, જરુરીયાત મંદ પરિવારોને સામાજિક પ્રસંગો, તહેવારો ઉજવવા સહાય.

### છેલ્લા પાંચ વર્ષો નો ટૂંકમાં અહેવાલ :


હેપી અવર્સ
સમાજના મુખ્ય પ્રવાહથી છૂટાં પડેલા વર્ગનાં લોકોને સ્વખર્ચે મનોરંજન પૂરું પાડવાની સેવા બજાવતું ગ્રૂપ

24 યુવકોનું મેલોડી ગ્રૂપ ખુશીઓના સૂર રેલાવે છે

સંગીતના માધ્યમથી ખુશી વહેંચવાનો પ્રયાસ

- મેન્ટલ હૉસ્પિટલ, સેન્ટ્રલ જેલ, રક્તપિત્ત ની હૉસ્પિટલ, માનસિક રીતે વિકલાંગ, અંધ અને અપંગ બાળકોની સંસ્થા, નારી સંરક્ષણ ગ્રુહ,
- અનાથાશ્રમ, વૃધ્ધાશ્રમો જેવી સંસ્થાઓ અને ઝુંપડપટ્ટીમાં રહેતા, નિ:સહાય અને જરુરીયાત મંદ પરિવાર જનોમાં, આશરે ૫૦ થી વધુ સંગીત કાર્યક્રમ દ્વારા ખુશી ઓ ફેલાવવાનો પ્રયાસ.
- વડોદરા-અમદાવાદ શહેરના નગરજનો પાસેથી, જુના કપડાં, વાસણો, જુની ઘરવપરાશની વસ્તુઓ, સ્વયંસેવકો દ્વારા ઉઘરાવી, વડોદરા- અમદાવાદ વિસ્તારના આશરે ૭૫૦૦૦ થી વધુ જરુરીયાત મંદ પરિવારોમાં વહેંચી.
- ૫૧૦૦ થી વધુ બાળકોને એક વર્ષ માટેની, નોટબુકસ, પેન-પેન્સિલ્સ, લંચ બૉક્સ, સ્કુલ બેગ, સ્ટેશનરીઝ સાથે સ્કુલ કીટ વહેચી.
- બાળદિન નિમિત્તે, આશરે ૬૪૦૦ થી વધુ બાળકોને રમકડાં,સાયકલ્સ, ટ્રાઈસીકલ્સની વહેચણી.
- છેલ્લા પાંચ વર્ષોમાં, દિપાવલી, ઉત્તરાયણ જેવા મુખ્ય તહેવારોમાં ૬૦૦૦થી વધુ ગરીબ પરિવારોને એક કિલો મિઠાઇ, ફરસાણ, ફટાકડાના પેકેટ્સ, પતંગ અને દોરી વિ. વહેંચ્યા.
- આશરે ૨૦૦૦૦૦ બે લાખ થી વધુ શહેરીજનો ને ઉનાળામાં, પગરખાં નુ વિતરણ કર્યું.

### અમારી કાર્યશૈલી:


- અમે, વડોદરા સ્થિત, ૧૮ જેટલા વર્કિંગ પ્રોફેશનલની સ્વયંસેવકોની ટીમ દ્વારા અંગત સમય માં, આ અભિયાન ચલાવીએ છીએ.
- અમે દાતા પાસેથી, રોકડ રકમ કે ચેક સ્વિકારતા નથી. અમે ફક્ત વસ્તુઓ, સાધનો અને મટીરીયલ્સ વિગેરે દાન સ્વરુપે સ્વિકારીએ છીએ.
- આપનો ફોન આવતાં જ અમે આશરે ૨૪ થી ૭૨ કલાકમાં આપના જણાવેલ સ્થળેથી, દાનની વસ્તુઓ લઈ જઈશું.
- દાતાઓ દ્વારા મળેલી વસ્તુઓ, જે પરિવારોને વહેંચી છે, તેના ફોટોઝ-વિગતો દાતાને વૉટ્સઍપ દ્વારા મોકલીએ છીએ.
- સંગીત દ્વારા ખુશીઓ ફેલાવવાનો કાર્યક્રમ,અમને જાણ કરાતાં, આશરે બે કલાકનો કાર્યક્રમ, કરાઓકે મ્યુઝીક સિસ્ટમ સાથે આપીશું.

અમારા સ્વયંસેવકો ની યાદી:

જીતેન્દ્ર અને દક્ષા દેવાશ્રયી. | અશોક અને હેમા દેવાશ્રયી. | ઉત્પલ પાઠક. | વામન અને પારુલ દેવાશ્રયી. | નિલમ અને ચેતન ત્રિવેદી. ચેતન અને રાજુલ દવે. | ગીતા ઉપાધ્યાય. | સંજય પંડ્યા. | સંધ્યા જામ્બેકર. | વરુણ દવે. | પ્રતિક દેવાશ્રયી. | ઉન્નતિ ત્રિવેદી. ઉત્સવ. | અમોલ પંડ્યા. | આરતી અને અતુલ પંડ્યા વડોદરા.



આઓ દીપ જલાયે ના સ્થાપક
આરતી પંડ્યા. ડૉ. અતુલ પંડ્યા વડોદરા
(મો) +૯૧ ૮૧૪૧૦૦૬૦૦૦. +૯૧ ૮૧૪૧૦૦૩૯૩૯.
ફેસબુક : aaodeepjalaye ઈમેલ : aaodeepjalaye@yahoo.com



શ્રી એમ.જી. પ્રણામી
નાયબ ચેરિટી કમિશનરશ્રી
(વહીવટ)
અમદાવાદ.
તારીખ : ૨૨-૧૦-૨૦૧૯



પ્રતિ,
પ્રમુખશ્રી
સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત
નોંધણી નંબર : એ/૩૩૫૨/અમદાવાદ.

શ્રીમાન,

હું સમસ્ત શ્રીગોડ સમાજ, ગુજરાત સામાજીક સંસ્થાની કામગીરીથી ખુશ છું. આ સંસ્થાએ તા. ૧૦-૧૧-૨૦૧૯ ના રોજ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, તેમજ સમાજના વિશિષ્ઠ સિદ્ધિ પામેલ વરિષ્ઠ અને આદરણીય શ્રીબંધુઓને પ્રોત્સાહિત તેમજ સન્માનિત કરવા માટે કાર્યક્રમ રાખેલ છે. સદર કાર્યક્રમમાં આમંત્રિત સમાજના તેજસ્વી તારલોઓને અને વિશિષ્ઠ સિદ્ધિ પામેલ શ્રીબંધુઓએ કરેલી તેમની કાર્યસિદ્ધિ સમાજ માટે પ્રેરણાદાયક બની રહે તેવી ઈશ્વર પાસે પ્રાર્થના કરૂ છું.

આભાર સહ.

એમ.જી. પ્રણામી
**નાયબ ચેરિટી કમિશનર (વ)**
અમદાવાદ.



સ્વ. સૂર્યકાન્ત પંડ્યા

## સ્વ. શ્રી સૂર્યકાન્ત પંડ્યા અને સ્વ શ્રી જગદીશ ચંદ્ર જાની સમસ્ત શ્રીગોડ રત્ન સન્માન એવોર્ડસ. વર્ષ ૨૦૧૯.



સ્વ. જે.એમ.જાની

સ્વ.શ્રી સૂર્યકાન્ત પંડ્યા અને સ્વ શ્રી જગદીશચંદ્ર જાની ની સ્મૃતિ માં, વર્ષ ૨૦૧૯ માટે, નીચે મુજબના એવૉર્ડસ-સન્માન માટે, સમસ્ત શ્રીગોડ પરિવારજનો પાસેથી નામાંકન આવકારીએ છીએ. નામાંકન માટે પોતાની સિધ્ધિ ઓની વિગત સાથે, ડીટેલ્ડ બાયોડેટા, A 4 size પેપરના એક પેજ માં આ જાહેરાતમાં જણાવેલ ફોન પર વૉટ્સએપ દ્વારા - ઈ મેલ દ્વારા તા.૩૦.૧૧.૨૦૧૯ સુધીમાં મોકલવા વિનંતી.





### વિવિધ એવોર્ડસ કેટેગરીઝ

- સાહિત્ય ક્ષેત્ર- ગદ્ય અને પદ્ય : શ્રી ગોડ સાહિત્ય રત્ન એવૉર્ડ
- સંગીત ક્ષેત્ર : શ્રી ગોડ સંગીત રત્ન એવૉર્ડ
- કલા જગત- નૃત્ય- અભિનય -હાસ્ય કલા : શ્રી ગોડ કલા રત્ન એવૉર્ડ
- શિક્ષણ : શ્રી ગોડ શિક્ષણ રત્ન એવૉર્ડ
- વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્ર - રીસર્ચ અને ડેવલપમેન્ટ- અંતરીક્ષ વિજ્ઞાન : શ્રીગોડ વિજ્ઞાન રત્ન એવૉર્ડ
- ઉદ્યોગ ક્ષેત્ર -વ્યાપાર અને ઉદ્યોગ- સ્ટાર્ટ અપ - આન્ત્રપ્રન્યોરશીપ માટે : શ્રીગોડ ઉદ્યોગ રત્ન એવૉર્ડ
- તબીબી અને આરોગ્ય ક્ષેત્ર : શ્રી ગોડ આરોગ્ય રત્ન એવૉર્ડ
- સમાજ સેવા ક્ષેત્ર- સામાજિક કલ્યાણ - સામાજિક ઉત્થાન- મહિલા અને બાળ કલ્યાણ માટે : શ્રીગોડ સમાજ રત્ન એવૉર્ડ
- રાજકારણ અને જાહેર સેવા ક્ષેત્ર: શ્રી ગોડ સેવા રત્ન એવૉર્ડ
- ધર્મ , યોગ અને આધ્યાત્મિક ક્ષેત્ર: શ્રી ગોડ પાવન રત્ન એવૉર્ડ
- શ્રી સમાજ ને ગૌરવ અપાવે તેવુ કોઈ પણ ક્ષેત્રમાં આગવું ઉત્કૃષ્ટ પ્રદાન : શ્રી ગોડ ગૌરવ એવૉર્ડ.
- દેશ સેવા, દેશની સુરક્ષા- શ્રીગોડ શૌર્ય રત્ન એવૉર્ડ.
- રમત ગમત- વ્યાયામ-શારીરીક વિકાસ- શ્રીગોડ ખેલ રત્ન એવૉર્ડ
- ન્યાય ક્ષેત્ર- કાયદાકીય ક્ષેત્ર-કાનૂની સેવા- શ્રીગોડ ન્યાય રત્ન એવૉર્ડ

**નામાંકન વૉટ્સએપ અથવા ઈ મેલ દ્વારા મોકલી શકાશે.**

(મો) 7229091015 (ઈ મેલ ) shriawards@yahoo.com

### સામાન્ય નિયમો

- મળેલા નામાંકન પત્રો માં થી દરેક ક્ષેત્ર અને કેટેગરી ના એવોર્ડ માટે ૬ થી ૮ સમાજ ના આગેવાનો અથવા આગવી પ્રતિભાઓ કે સ્થાનિક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ નું એક નિર્ણાયક મંડળ, નિર્ણય લેશે, જે સર્વે ને મંજૂર રાખવાનું રહેશે .
- નિર્ણાયક મંડળ- પસંદગી સમિતિ નો નિર્ણય પડકારી શકાશે નહીં.
- આખરી તારીખ સુધી માં નામાંકન રજૂ કરવાનું રહેશે.
- એવોર્ડ સમારંભ ની તારીખ યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે.
- પ્રતિકુળ સંજોગોમાં આ કાર્યક્રમ ના આયોજકોને, આ કાર્યક્રમ રદ અથવા વિલંબિત કરવાનો હક્ક રહેશે.

**શ્રી ગોડ સન્માન એવોર્ડ કમીટી ના આયોજકો- યજમાન**

સુ.શ્રી. કૈલાસ સૂર્યકાન્ત પંડયા | આરતી અતુલ પંડયા. | અતુલ સૂર્યકાન્ત પંડયા.

નોંધ: વધુ માહિતી માટે:- (મો) +91 8511144880 +91 8141006000

# શુભેચ્છા સંદેશ

## શ્રી કમલેશભાઈ ત્રીપાઠી



ડિરેક્ટર : ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક લિ.

ડિરેક્ટર : ફોર્ચ્યુન એસેટ્સ પ્રા.લી.

ડિરેક્ટર : આશાપુરા કંટેઈનર ફ્રેઈટ સ્ટેશન પ્રા.લી.

ડિરેક્ટર : વેલ્થસ્ટ્રીટ એડવાઈજર્સ પ્રા.લી.

ડિરેક્ટર : રાજસ્વી રીયલ્ટી ડેવલપર્સ

પ્રમુખશ્રી,
સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

આપના સમાજનાં નવા વર્ષના સ્નેહમિલન તથા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન પ્રસંગે મારી અંતઃકરણની શુભેચ્છા પાઠવુ છુ.

આપના સઘળા પ્રયત્નો સમાજના ઉત્થાન અને વિકાસમાં સફળતા પામે તેવી મારી અંતઃકરણની અભ્યર્થના.

બ્રહ્મતત્વમાં જે શક્તિઓ રહેલી છે તેની જાણ સમગ્ર વિશ્વને થાય તેવા સંનિષ્ઠ પ્રયત્નો આપનો સમાજ કરી રહ્યો છે તે જાણી હું આનંદની લાગણી અનુભવી રહ્યો છુ, આ માટે મારો સાથ, સહકાર હંમેશા આપની સાથે રહેશે.

ભવદીય,
કમલેશ ત્રિપાઠી

# Silicon IT Hub Pvt Ltd.

You Name IT We Have IT

ISO 9001:2008 Certified Company - Iso 27001:2019 Certified Company

079 6663 4343 / 079 6663 4344
info@siliconithub.com

www.siliconithub.com

## About Silicon IT Hub

Web | Mobile App | Cloud | IoT

### CONSULTING. EXECUTION. SUPPORT.

Silicon it Hub is an esteemed mobile and web development firm, based in India. We are a strong team of 150+ skilled experts providing cost competitive and result oriented services across the globe. We carry trust of 500+ highly satisfied clients spread across various industry verticals.

We believe in employing technologies where resources achieve success at every single phase of development. Hire a team of technocrats where challenges become interesting tasks.

We realize our client vision and convert the same into innovative solutions. What we love the most is seeing clients succeed using our creative digital solutions.

## Services

Silicon IT Hub is an end to end IT solutions provider with expertise in digital strategy, software development, web development, and custom mobile application development. Due to our unstoppable quest for pixel perfect products, we have slowly evolved as a one-stop destination for mobile and web development services.

- Cloud Services
- Software Development & Designing
- Mobility / IoT Solutions
- Enterprise Service & Network Management
- System Integration & IT infrastructure Management
- Digital Media Marketing

## Achievements

SKOCH EVENTS

Skoch Smart Governance Award

GLOBAL ENTREPRENEURSHIP WEEK

Global Entrepreneurship Week's Sandbox Challenge Winner




Social Entrepreneur Award




IMC Digital Technology Award 2019



StartUp 2.0 winner

Lufthansa
Runway to Success

Lufthansa - Runway to Success Season-3

Civic Solutions Pvt. Ltd. | Silicon IT Hub Pvt Ltd. You Name IT We Have IT | Smartcity 311

B1-Ground Floor, Safal Profitaire, Corporate Road, Prahladnagar, Ahmedabad, 380 015 Gujarat, India.

# સમાજનું ગૌરવ

## શ્રી મધુકર દિનુભાઈ ધ્રુવ (એડવોકેટ)

**નિવૃત્ત ન્યાયાધીશ, સીટી સીવીલ એન્ડ સેશન્ટ કોર્ટ / પૂર્વ ચેરિટી કમિશ્નર, ગુજરાત રાજ્ય**

એ-૩૭, સોમેશ્વર રો-હાઉસ, વિભાગ-૨, બીડીવાલા પાર્ક પાસે, સ્ટાર બજાર સામે, જોધપુર ચાર રસ્તા,
સેટેલાઈટ રોડ, અમદાવાદ -૩૮૦૦૧૫. ફોન ન. : ૦૭૯-૨૬૯૨૨૫૭૩, મો. : ૯૮૨૫૩૨૫૪૯૨



**શૈક્ષણિક લાયકાત** : એમ. એ. (અર્થશાસ્ત્ર), એલ.એલ.બી.

**વતન** : ઝાલોદ, જિલ્લો પંચમહાલ (હાલ જિલ્લો દાહોદ)

**જન્મ તારીખ** : ૩ એપ્રિલ, ૧૯૩૬

**હોદ્દા** :
- સ્પેશિયલ ઓફીસર-હાઈકોર્ટ ઓફ ગુજરાત
- નિવૃત્ત ન્યાયાધીશ, સીટી સીવલ એન્ડ સેશન્સ કોર્ટ
- પૂર્વ ચેરિટી કમિશનર, ગુજરાત રાજ્ય
- લીગલ કન્સલ્ટન્ટ, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટી- કાનૂની સહાય કેન્દ્ર (૩ વર્ષ)

**વાડજ ઘટના તપાસ પંચ** : વન મેન ઈન્કવાયરી કમિશન (પોલીસ ઈન્સ્પેકટરનું મૃત્યુ- ધારાસભ્ય યતીન ઓઝા પર હુમલાનો બનાવ)

**કાનૂની સલાહકાર** : ગુજરાત મેરીટાઈમ બોર્ડ (૧૩ વર્ષ)

**આર્બ્રીટ્રેશન (લવાદ)** : આર્બ્રીટ્રલ ટ્રિબ્યુનલ તરીકે કામગીરી - ગુજરાત હાઈકોર્ટ દ્વારા નિમણુક

**કાનૂની સલાહકાર** : ગુજરાત સ્ટેટ પબ્લીક સર્વિસ કમિશન (ઉમેદવારોની પસંદગી) - આમંત્રિત

**આમંત્રિત વ્યાખ્યાતા** : સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશન (સ્પીપા)

**કારોબારીના સભ્ય** : શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ

**(કોષાધ્યક્ષ)**

**ટ્રસ્ટી** : સાબરમતી હરિજન આશ્રમ ટ્રસ્ટ, અમદાવાદ

**મેનેજીંગ ટ્રસ્ટી** : ગીડવાણી કુદરતી ઉપચાર કેન્દ્ર પ્રા-યોગ ટ્રસ્ટ-હરિજન આશ્રમ, ગાંધી આશ્રમ., અમદાવાદ

**લેખક** :
-ખાસ કરીને કાનૂની વિષયક અખબારોમાં અને સામયિકોમાં
-ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે તૈયાર કરેલ ગુજરાતી વિશ્વકોશમાં પ્રદાન (અભ્યાસ લેખો)

**ઈતર પ્રવૃત્તિ** : પ્રાસંગિક વ્યાખ્યાનો સહિત સામાજિક સાંસ્કૃતિક અને અન્ય ક્ષેત્રો, ગુજરાતની રક્ષાશક્તિ યુનિવર્સિટિની સ્થાપના થતાં ફોજદારી મુખ્ય કાયદાઓ અંગે વ્યાખ્યાન આપ્યાં.

**ન્યાયતંત્રમાં સેવા** : ગુજરાતના અલગ અલગ સ્થળો : અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, નડિયાદ, પોરબંદર, જુનાગઢ વિગેરે કુલ ૨૭ વર્ષ

**જોઈન્ટ એડીટર** : ધી ગુજરાત લો હેરાલ્ડ-બાર કાઉન્સીલ ઓફ ગુજરાત પ્રેરિત કાયદા વિષયક સામયિક

**ટી.વી. કાર્યક્રમો** : દુરર્દશન, ગિરનાર ચેનલ ઉપર પ્રદર્શિત કાયદા કાનૂન વિષયના જીવંત પ્રસારણમાં સક્રિય પ્રદાન

**ટીવી ચેનલો** : સંદેશ, ટીવી-૯, જીટીપીએલ, ગુજરાત ન્યૂઝ, ઈ-ટીવી, ના કાર્યક્રમોમાં પણ કાનૂની વિષયના ચર્ચામાં પ્રદાન

**સમાજ આપના યશસ્વી દિર્ઘાયુ ની કામના કરે છે.**

eSwasthya.in
eSwasthya mediserve Pvt.Ltd.

Why go to Pharmacy..?
With us , save it Easy..!

Get flat
20 %
Discount

on EVERY MEDICINE ORDER with eSwasthya.
Get FREE home delivery..!!

ORDER NOW 079-48 48 48 48

•Minimum order value Rs.499/-* •Doctor's prescription compulsory

www.eswasthya.in Follow us : ESwasthya

# સમાજનું ગૌરવ



## શ્રી મુકેશભાઈ એસ. શુકલ

આઝાદીના સંગ્રામમાં ગાંધી ચળવળ વખતે ખભેખભા મિલાવનાર વિરપુરના શુકલ (કારભારી) પરિવારથી આપણે સૌ પરિચિત છીએ. દેશભક્તિ, ધાર્મિક પ્રવૃત્તિ, શૈક્ષણિક કાર્યો, સામાજીક સેવા સહિત દરેક પ્રવૃત્તિમાં આ પરિવારનું યોગદાન સવિશેષ જોવા મળ્યું છે. હાલ મહિસાગર જીલ્લાના એક તાલુકા વિરપુર એક સમયે પછાત અને છેવાડાનું ગામ ગણાતું હતું. ટુંકા ગાળામાં વિરપુરને તાલુકા કક્ષાનો દરજ્જો મેળવવામાં અનેક શ્રેષ્ઠીઓમાં આપણા વડીલ શ્રી સ્વ. શંકરલાલ (દાદા) શુકલનો સિંહ ફાળો છે. આ શ્રેષ્ઠી સ્વ. શંકરલાલ (દાદા) ના પનોતા પુત્ર એટલે શ્રી મુકેશભાઈ શુકલ, જેમનો જન્મ ૨૮-સપ્ટેમ્બર ૧૯૫૧ માં થયો હતો સમાજ સેવા અને નેતૃત્વ તેઓને વારસામાં મળેલ છે. તેઓએ જીલ્લા પંચાયત પ્રમુખ તરીકે લોકચાહના ના માર્ગે લોક લાડીલા નેતા સ્વરૂપે સમગ્ર મહીસાગર જીલ્લામાં દરેક નાગરિકના હ્રદયમાં સ્થાન પામેલ છે. શ્રી મુકેશભાઈ સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતની તમામ પ્રવૃત્તિઓમાં હંમેશા ખડેપગે હાજર રહ્યા છે અને અનેકવાર સમાજને માતબર દાન પણ આપેલ છે. સમાજના શ્રીભવન માટે તેઓ હંમેશા હકારાત્મક વલણ રાખી રહ્યા છે.

આજીવન સમાજ સેવાના ભેખધારી શ્રી મુકેશભાઈના પરિવારજનો પણ એટલા જ સમાજસેવી રહ્યા છે. વિરપુર મુકામે બસ સ્ટેન્ડ તેઓની માતા સ્વ. વિદ્યાબાના સ્મણાર્થે તેઓએ બનાવેલ છે જેનું ઉદ્‌ઘાટન આપણા વડાપ્રાધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓના જ્યેષ્ટ બંધુઓ અને લઘુબંધુઓ પણ સતત સમાજ સેવાની પ્રવૃત્તિમાં રસ ધરાવે છે. તેઓના પનોતા પુત્ર શ્રી પીનાકીનભાઈ હાલ મહીસાગર જીલ્લા પંચાયતના સદસ્ય છે. અને તેઓ પણ કારભારી પરિવારની પંરપરા જાળવવામાં સફળ રહ્યા છે. તેઓના ધર્મપત્નિ શ્રીમતી નલીનીબેન હંમેશા તેઓની સાથે ધાર્મિક અને સામાજીક પ્રવૃત્તિમાં સતત સાથ નિભાવી રહ્યા છે.

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત માટે તેઓએ હંમેશા સાથ આપવાની ખેવના રાખેલ છે. આવા પ્રતિભાશાળી શ્રી મુકેશભાઈ શુકલ ને સમાજ અભિનંદન પાઠવી તેમના દીર્ઘાષ્યુ માટે ભોળાનાથ ને પ્રાર્થના કરે છે.

# KAIROS Consultancy

www.kairosconsultancy.com

- LEADERSHIP HIRING
- IT & NON IT RECRUTIMENT
- JOB PLACEMENT
- RECRUTIMENT OUT SOURCING
- TRAINING & DEVELOPMENT
- HR STRATEGY
- ORGANISATION DESIGN
- BUSINESS PROMOTION

H.O. : Ahmedabad
M. 9925103114 | hr@kairosconsultancy.com

Branch : Baroda
M. 9879531333 | baroda@kairosconsultancy.com

## RIGHT DESTINATION RIGHT OPPORTUNITY

**We, Dvapar Convey Our**

## "Abhinandan"

**To All " Shree " Students For Their Success And We Convey Our Best Wishes To Them For Their Bright Career.**

**Pankaj Maneklal Shukla**
President Marketing

**Rekha Pankaj Shukla**

**Vatsalya Pankaj Shukla**
Environment Consultant

**Dhwanil Pankaj Shukla**
Assistant Professor ( Aerospace)
IIT, Bombay (Joined in July 2019)
B.Tech ( Mechanical) From IIT, Gandhinagar (April 2014)
Ph.D (Aerospace) From Georgia Tech, Atlanta, USA. (May 2019)

**Pankaj M. Shukla**
B-201, Devraj, Nr. The Pride Plaza Hotel, Judges Bunglows Road, Bodakdev, Ahmedabad, 380054 Mobile - 9825008144

# સમાજનું ગૌરવ





## શ્રી પરિમલભાઈ પાઠક

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના આદરણીય શ્રી પરિમલભાઈ દિનેશચંદ્ર પાઠક યુવાકાળથી અનેક સામાજીક અને સેવાભાવી કાર્યો સાથે જોડાયેલા છે. ભારતીય વિદ્યાર્થી પરિષદમાં પ્રાંતના કારોબારી સભ્ય, આર.એસ.એસના નડિયાદ વિભાગના સંચાલક, અધિવક્તા પરિષદ ગુજરાતના પ્રાંતપ્રમુખ, ગોધરાની શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટી તેમજ રેડક્રોસ અને રોટરી કલબના સભ્ય, ડૉ. હેડગેવાર સેવા સમિતિ નડિયાદ વિભાગના ૧૫ વર્ષથી પ્રમુખપદ, રીશ્તા ફાઉન્ડેશનના પ્રમુખ, ગોધરાની પાંજરાપોળના પ્રમુખ, મંદિરો અને અખાડા અંગે ૧૫ વર્ષથી કોર્ટ દ્વારા નિયુક્ત રીસીવર તરીકેની કામગીરીમાં સક્રિય, શેરી ગરબાના માર્ગદર્શક, ગોધરા બ્રહ્મ સમાજના સભ્ય, ગોધરા દિન દયાળ કો. ઓ. ક્રેડિટ સોસાયટીના  ૨૦ વર્ષથી પ્રમુખ અને પંચમહાલ જીલ્લામાં ૧૯૮૦ થી સિવિલ અને ક્રિમિનલ સાઈડમાં વકીલાત કરી રહ્યા છે. જેમાં બે વાર વકીલ મંડળના પ્રમુખ તરીકે ચુંટાયા હતા.

આપણા સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત, આ ઝળહળતી કારકીર્દિ અને પ્રેરણારૂપ વ્યક્તિત્વ ધરાવતા, કર્મનિષ્ઠ અને સમર્પિત શ્રીબંધુ શ્રી પરિમલભાઈ પાઠક માટે અત્યંત ગૌરવની લાગણી અનુભવે છે. તેઓશ્રી ઉપર મહાલક્ષ્મી માતાજીની કૃપા સદા વરસતી રહે તેવી કામના કરે છે અને સર્વાંગી સુખાકારી માટે ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવે છે.

# SHREE AYURVEDA CLINIC

**Dr. VIDHI JOSHI**
**M.D. (AYU.)**
Consulting Ayurveda Physician

8238041382

1st Floor, "Krishnakunj", Nr. Lohana Building,
Navrang Cinema Road, Opp. G.E.B. Sub Station,
Raopura, Vadodara - 390001

doctor.vidhijoshi@gmail.com

www.shreeayurvedaclinic.com

- Migraine, Headche & Other Brain Disorders
- Chronic Cough, Bronchial Asthma & Other Lung Disorders
- Hypertension, Cholesterol & Heart Disorders.
- Acidity, Gastric Trouble, Ulcer, Digestive Disorders & Liver Disorders
- Diabetes
- Kidney Stone and Kidney Disorders
- Arthritis & Musculo-Skeletal Diseases
- PCOD, Infertility & Gynaec Diseases
- Thyroidism, Allergy, Obesity Hair, Skin & Other Diseases

Mon to Fri
4 to 8 p.m.
Sat - Sun
by appointment only



હોસ્પિટલ : ૦૭૯-૨૬૮૨૪૦૦૧
મો. ૮૩૨૦૮૨૪૮૫૨ / ૯૮૭૯૬૨૯૦૮૯
સમય સવારે ૧૦-૦૦ થી ૧-૦૦
સાંજે ૫-૦૦ થી ૮-૦૦

ડૉ. કોકિલ દવે
એમ.બી.ડી.જી.ઓ.
(પ્રસુતિ અને સ્ત્રીરોગ નિષ્ણાંત)
રજી.નં. : જી-૨૯૬૬૫

# રિધ્ધિ હોસ્પિટલ

**પ્રસુતિગૃહ, નર્સિંગ હોમ, સોનોગ્રાફી ક્લિનીક તથા લેપ્રોસ્કોપીક સેન્ટર**

**● ઈમરજન્સી કેસ માટે ૨૪ કલાક ●**

નોંધ : શ્રીગૌડ સમાજના દર્દીઓ માટે રાહત દરે તથા અન્ય દર્દીઓને સાથે લાવનાર ને પણ ડીસ્કાઉન્ટ

**બુટભવાની મંદિર પાસે, યુનીસન એન્ટરપ્રાઈઝ ના ખાંચામાં, વેજલપુર ગામ, અમદાવાદ-૫૧.**

# સમાજનું ગૌરવ







## શ્રી જીગ્નેશભાઈ પાઠક

સમસ્ત શ્રીગૌડ સમાજના સંન્નિષ્ઠ અને કર્તવ્ય પરાયણ શ્રીબંધુ શ્રી જીગ્નેશભાઈ એસ. પાઠક, શહેરા બ્રાહ્મણ પંચના પ્રમુખ, ભારતીય જનતા પાર્ટીના પંચમહાલ જીલ્લાના મહા મંત્રી અને અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે જોડાઈ જનકલ્યાણના લાભાર્થે થતા અનેક સત્કાર્યોમાં સેવા આપી રહ્યા છે.

મૂળ લાભી ગામના વતની શ્રી જીગ્નેશભાઈ છેલ્લા ચાર વર્ષોથી મહાલક્ષ્મી ધામ, શહેરાના જીર્ણોધાર અને નવીનીકરણના કાર્ય સાથે જોડાયેલા છે. જેની પાછળનો ઉમદા હેતુ શ્રીબંધુઓ માટે તમામ સુવિધાયુક્ત રહેઠાણની વ્યવસ્થા અને ગરીબ પરિવારની દિકરીના વિનામૂલ્યે લગ્ન કરી આપવાનો છે.

